# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## NOMINATION FILED

ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે 491 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 39 ઉમેદવારીપત્રો ભરાયા છે. કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દીવ અને દાદરા નગર હવેલી  લોકસભાની બે બેઠકો માટે 17 ઉમેદવારીપત્રકો ભરાયા છે.

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. સોમવારે ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાના દિવસે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. સાતમી મે ના રોજ મતદાન યોજાશે.

--------------------

## GUJ.PRACHAR-NIRMALA SITARAMAN

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રચારકાર્યમાં જોડાયા હતા.

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે આજે અમદાવાદ જી.સી.સી.આઇ. દ્વારા યોજાયેલા વિકસિત ભારત 2047 વિષય પર યોજાયેલા વાર્તાલાપમાં ભાગ લીધો હતો અને 2047 સુધીમાં વિકસિત ભારતની નેમ સાકાર કરવાની ભાજપ સરકારની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. તેમણે દેશમાં આવેલા આર્થિક પરિવર્તન અંગે પણ ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમ પછી અમદાવાદમાં એક પત્રકાર પરિષદને નાણામંત્રીએ સંબોધન કર્યું હતું, જેમાં તેમણે ઈન્ડીગઠ બંધન પર પ્રહાર કર્યા હતા અને દેશમાં ફરી એકવાર મોદી સરકાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(બાઇટ- નિર્મલા સીતારમણ)

શ્રીમતી સીતારમણ આજે બપોરે વડોદરામાં ફોરકાસ્ટ એર ઇન્ડિયા ઇકોનોમી 2047 વિષય પર યોજાનાર સંવાદમાં ભાગ લેશે. તેમજ સાંજે વડોદરાના દક્ષિણ ભારતીય સમુદાય સાથે સંવાદ કરશે.

----------------

## MATDAR JAGRUTI

લોકસભાની ચૂંટણીમાં વધુને વધુ મતદારો મતદાન કરે તે માટે જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ડાંગમાં રેલી યોજાઇ હતી..વઘઇની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, આઇ.ટી.આઇના વિદ્યાર્થીઓ તેમજ ૧૦૦ જેટલાં પોલીસકર્મીઓ સહિત કુલ ૫૫૦ જેટલા લોકોએ રેલીમાં જોડાઇને અચૂક મતદાન માટેનો સંદેશો પ્રસરાવ્યો હતો..

જ્યારે ગીર સોમનાથ જિલ્લાના વેલણ ગામે ગરબા સાથે મહિલા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો..આ ઉપરાંત વેલણ ગામની બહેનોએ મતદાન અંગે શપથ લીધા હતાં.

પંચમહાલ જિલ્લા આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા "ચુનાવ પાઠશાલા" અંતર્ગત જાંબુઘોડામાં વિવિધ સ્થળો પર મતદાર જાગૃતિ રેલી યોજાઇ ગઈ.

-------------------------

## GIR COLLECTOR ACTION

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના માથાસુરીયા ગામે લગ્ન પ્રસંગે યોજાયેલ ભોજન સમારંભ બાદ આશરે ૧૦૦ થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગની અસર થઈ હતી.

ઉનાળામાં આવા બનાવો ફરી વાર ન બને તે માટે જીલ્લા તંત્રે કડક હાથે કામગીરી કરી હતી. આ લગ્નપ્રસંગે ઘૂસીયા ગામમાં જ્યાંથી શ્રીખંડ ગુદરણ ગામમાંથી  છાસ તથા અન્ય વસ્તુઓ લાવવામાં આવી હતી તે બે દુકાનોમાંથી તેના નમૂના લઇને તેની ચકાસણી કરવામાં આવી હતી.

આ દુકાનના સંચાલકો  દ્વારા જરૂરી પરવાનગી વિના ડેરી પ્રોડક્ટની વસ્તુઓ બનાવીને વેચવાનું માલુમ પડ્યું હતું, જેને કારણે  આ બે દુકાનોને ફૂડ વિભાગે સીલ કરી.. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે..

-------

# RAJKOT AWARD

રાજકોટ મહાનગરપાલિકાના મવડી ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સનો એવોર્ડ એનાયત થયો હતો.. નેશનલ ફાયર સર્વિસ વીકની ઉજવણી અંતર્ગત આ એવોર્ડ એનાયત થયો હતો..

ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ દ્વારા શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવના હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો.. રાજકોટ મહાનગરપાલિકાના મવડી ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સ એવોર્ડ એનાયત થતા રાજકોટ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા ફાયર સ્ટેશન ટીમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

.................................

# KATALKHANA BANDH-AHD

આવતીકાલે મહાવીર જયંતિ નિમિત્તે અમદાવાદ શહેરમાં કતલખાના અને માંસાહારની દુકાનો ફરજિયાત બંધ રાખવાનો આદેશ અમદાવાદ મહાનગરપાલિકાએ આપ્યો છે. આ અંગેની ફરિયાદ કરવા માટે અમદાવાદ મહાનગરપાલિકાના ટોલ ફ્રી નંબર 155303 ઉપર ફોન કરી શકાશે.

.................................

## SNR_SEVA CAMP

ચૈત્રી પૂનમે ચોટીલામાં ચામુંડા માતાને ધજા ચડાવવાનું અનેરૂ મહત્વ છે..માતાને શીશ ઝુકાવવા પદયાત્રીઓ હાલ ઝાલાવાડના માર્ગે પ્રયાણ કરી રહ્યાં છે.

લખતર વિરમગામ હાઇવે ઉપરથી ચૈત્રી પૂનમે ધજા ચડાવવા જતા ઉત્તર ગુજરાત તરફથી આવતા પદયાત્રીઓ માટે ઠેરઠેર સેવા કેમ્પો શરૂ થઇ ગયા છે.. ચોવીસ કલાક આ સેવાકેમ્પ કાર્યરત છે. જેમાં ભોજન, ભજન અને પ્રાથમિક સારવાર સહિતની સેવા પૂરી પાડવામાં આવી રહી છે. સેવા કેમ્પોમાં રાત્રીના સમયે પદયાત્રીઓ માટે ગરબાનું પણ આયોજન કરાયું છે.. જેમાં પદયાત્રીઓ મન મૂકીને ડીજેના તાલ સાથે ગરબે ધુમતા ધૂમી રહ્યાં છે..

--------------------

## *UPSC _GUJ _RANK*

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાનાં ફાચરિયા ગામના વતની અને હાલ અમદાવાદમાં રહેતા કંચન માનસિંહભાઈ ગોહિલે UPSCની સિવીલ સર્વીસીઝની પરીક્ષામાં ઑલ ઇન્ડિયામાં 506મો રેન્ક મેળવ્યો છે. છેલ્લાં 4 વર્ષથી અતિ મુશ્કેલ ગણાતી આ પરીક્ષાની તૈયારી કરતા કંચન ગોહિલે બીજા પ્રયત્ને જાહેર પરીક્ષા પાસ કરી છે.

વર્ષ 2022 માં તેમણે પ્રથમ વખત પ્રીલિમ પરીક્ષા આપી હતી. જોકે તેમાં પાસ ન થયા. અને ફરી મહેનત કરી બીજી વાર પરીક્ષા આપતા તેમને સફળતા મળી. કંચન કહે છે, "પરીક્ષાની સફળતા માટે કેટલું વાચ્યું એના કરતાં કેવું વાંચ્યું એ વધુ મહત્વનું છે. વર્તમાન સમયમાં ગુજરાતમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દીકરીઓ આગળ આવી છે રહી છે. તે ગૌરવપ્રદ બાબત છે.

.................